RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 273* Date: 30.07.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### રાષ્ટ્રીય શિક્ષા નીતિને એક વર્ષ પૂર્ણ થતાં વડાપ્રધાને સંબોધન કર્યું

# શિક્ષણ નીતિ દરેક પ્રકારના દબાણથી મુક્તઃ મોદી



**વિદ્યાર્થીઓ હવે તેમની ઈચ્છા મુજબ અભ્યાસક્રમ પસંદ કરી શકે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના માધ્યમથી નવા ભવિષ્યનું થશે નિર્માણ, નવી નીતિ અંતર્ગત ભારતનું ભાગ્ય બદલવાનું સામર્થ્ય છે.**

*ન્યુ દિલ્હી,તા.૨૯*

પ્રધાનમંત્રી મોદી રાષ્ટ્રીય શિક્ષા નીતિ (એનઈપી) ૨૦૨૦ની જાહેરાતને એક વર્ષ પૂર્ણ થયાના પ્રસંગ પર આજે વીડિયો કોન્ફોરન્સિંગના માધ્યમથી દેશ ભરમાં નીતિ નિર્માતાઓ અને હિતધારકોને સંબોધિત કર્યા હતા. બીજી તરફ પીએમ મોદીએ એકેડમિક બેક્ર ઓફ ક્રેડિટ સહિત ઘણા શૈક્ષિક પહલ પણ શરૂ કરી હતી.

સંબોધનમાં વડાપ્રધાને જણાવ્યુ હતુ કે, નવી રાષ્ટ્રિય શિક્ષા નીતિ અંતર્ગત ભારતનુ ભાગ્ય બદલવાનુ સામર્થ્ય છે. આ નવી શિક્ષણ નીતિથી રિવોલ્યુશનલ ચેન્જ આવશે. જો નિર્ણય ખોટો હશે તો શુ થશે તે ચિંતા નહી રહે. સાથોસાથ ઈ સફલ દ્વારા ઈ વ્યવસ્થા વિદ્યાર્થીઓને પરિક્ષાના ડરથી મુક્તિ અપાવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે, નવા નવા સ્કિલ અને ઈનોવેશનનો સમય આવશે. આજે નવી રાષ્ટ્રિય શિક્ષા નીતિ અંતર્ગત ભારતનુ ભાગ્ય બદલવાનુ સામર્થ્ય છે. સારુ ભણવા માટે વિદેશ જવુ પડે. પણ સારુ ભણવા માટે વિદેશથી લોકો ભારત આવ્યા તે હવે જોવા મળી રહ્યુ છે. આ વિગતો ઉત્સાહ વધારનારા છે. માતૃભાષાને પ્રોત્સાહન આપવાનુ શરુ થયુ છે. પ્લે સ્કુલનો સંકલ્પ હવે દુર દુર ગામડે ગામડે જશે. અને યુનિવર્સિલ કાર્યક્રમ તરીકે અમલી બનશે. રાજ્યો તેમની જરૂરીયાત મુજબ આ કાર્યક્રમને અમલી બનાવશે.

આપણે ભાગ્યશાળી હોવાનુ જણાવતા નરેન્દ્ર મોદીએ કહ્યુ કે, દેશના ભવિષ્યનુ નિર્માણ કરશો. મને પૂરો વિશ્વાસ છે કે આવનારા સમયમાં નવી શિક્ષણ નીતિના અલગ અલગ ફિચરની સાથે નવો યુગ સાક્ષાત્કાર કરાશે.

વડાપ્રધાન કહ્યુ કે, સ્થાનિક ભાષાને પણ પ્રોત્સાહન આપવાનું નક્કી કર્યુ છે. એન્જિનિયરીંગના અભ્યાસમાં તમિલ, મરાઠી, બાગ્લા સહીત કુલ પાંચ ભાષામાં શરુઆત કરાશે. આ ઉપરાંત વધુ ૧૧ ભાષાઓમાં એન્જિનિયરિંગના કોર્ષનુ ભાષાંતર થઈ રહ્યું છે. જેનો સૌથી વધુ લાભ ગરિબ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને થશે. દલિત અને આદિવાસીઓને થશે. આવા પરિવારમાંથી આવનારાઓને ભાષાની સમસ્યા નડતી હતી. પરંતુ માતૃભાષામાં શિક્ષણ મળવાથી ગરીબ વિદ્યાર્થીઓ પણ આત્મ વિશ્વાસથી આગળ વધશે. આની સાથોસાથ માતૃભાષાને પણ પ્રાધાન્ય આપવાના કામને અગ્રતા આપવામાં આવી રહ્યું છે.

પાછલા એક વર્ષમાં દેશમાં તમામ શિક્ષણવિંદોએ નવી શિક્ષણ નીતિ માટે બહુ જ મહેનત કરી હોવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું. ૨૧મી સદીના આજના યુવાનો તેમની વ્યવસ્થા અને પોતાનુ ભવિષ્ય તેમની રીતે જ ઘડવા માંગે છે. આવી સ્થિતિમાં આ નવી શિક્ષણ નીતિ તેમને મદદરૂપ થશે.

આજે આપણે જોઈ શકીએ છીએ કે, દેશના નાના ગામ અને શહેરના યુવાઓ કેવી કેવી કમાલ કરી રહ્યાં છે. આપણને ટોક્યો ઓલિમ્પિકમાં જોવા મળ્યુ કે કેવી રીતે અંતરીયાળ વિસ્તારના યુવાઓ દેશનુ નામ રોશન કરી રહ્યાં છે. આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સથી લઈને મશીન લર્નિગ સુધીમાં યુવાનો તેમની કમાલ દેખાડી રહ્યા છે. પોતાના ક્ષેત્રમાં આગળ વધી રહ્યાં છે. જેમાં સ્ટાર્ટઅપ સિસ્ટમ ક્રાંતિ લાવી રહ્યું છે. ડિજિટલ ઈન્ડિયાને નવી ગતિ આપી રહ્યા છે. કલ્પના કરો કે, જો યુવાનોને તેમના સ્વપ્ન સાકાર કરવા માટે યોગ્ય વાતાવરણ મળી રહે તો તેઓ કેવી કમાલ કરે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, દેશના યુવાનો હવે ક્યારેય પણ પોતાના ક્ષેત્રમાં બદલાવ કરવા સમર્થ છે. હવે તેમને એવો કોઈ ડર નહી રહે કે, તેમણે તેમનુ જે કોઈ ક્ષેત્ર પસંદ કર્યુ છે તે બદલી નહી શકાય. આ ડર તેમના મનમાંથી નિકળી જાય તો તમામ પ્રકારનો ડર નિકળી જશે. અને તેઓ નવા પ્રયોગ કરવામાં તત્પર રહેશે.

### ચેતી જજો, કોરોનાનાં એક્ટિવ કેસ ફરી ૪ લાખને પાર

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૩,૫૦૯ નવા કેસ, ૬૪૦ લોકોના મોત

*ન્યુ દિલ્હી,તા.૨૯*

ભારતમાં ફરી કોરોનાના નવા કેસ બે દિવસથી ૪૦ હજારને પાર જતા એક્ટિવ કેસમાં વધારો થયો છે અને આ સાથે મૃત્યુઆંકમાં પણ વધારો થયો છે. ગઈકાલે કોરોનાના નવા ૪૩,૬૫૪ કેસ નોંધાયા હતા અને ૬૪૦ દર્દીઓના મોત થયા હતા. આજે પણ કોરોનાના નવા કેસની સંખ્યા ૪૦ હજારને પાર ગઈ છે, અને સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૪૦ હજારની અંદર નોંધાઈ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દેશમાં વધુ ૪૩,૫૦૯ દર્દીઓ નોંધાયા છે. જેની સામે ૬૪૦ દર્દીઓના મોત થયા છે. સતત બે દિવસથી કોરોનાના મૃત્યુઆંક ૬૦૦ને પાર જઈ રહ્યા છે. કેરળ સહિતના કેટલાક રાજ્યોમાં કોરોનાના કેસમાં વધારો થતા ચિંતામાં વધારો થઈ રહ્યો છે. કેરળમાં વધતા કોરોનાને ધ્યાનમાં લઈને ૩૧ જુલાઈ અને ૧ ઓગસ્ટ એમ બે દિવસ સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે.

દેશમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૩૮,૪૬૫ નોંધાઈ છે. ગઈકાલે તથા આજે નવા નોંધાયેલા કેસમાં સાજા થયેલા દર્દીની સંખ્યા નવા કેસની સામે ઓછી નોંધાતા એક્ટિવ કેસનો આંકડો ફરી એકવાર ૪ લાખને પાર પહોંચી ગયો છે. આમ છતાં સ્વાસ્થ્ય મંત્રાલયના રિપોર્ટ્સ મુજબ રિકવરી રેટ ૯૭.૩૮% પર પહોંચ્યો છે.

વધુ ૩૮,૪૬૫ દર્દીઓ સાજા થતા કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૩,૦૭,૦૧,૬૧૨ પર પહોંચી ગઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૪,૨૨,૬૬૨ થઈ ગયો છે. નવા કેસની સંખ્યાની સાથે મૃત્યુઆંકમાં પણ બે દિવસથી વધારો નોંધાઈ રહ્યો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના અનુસાર, દેશમાં કુલ ૪૫,૦૭,૦૬,૨૫૭ લોકો વેક્સિન લગાવી ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૩,૯૨,૬૯૭ લોકોને વેક્સિન આપવામાં આવી છે. આરોગ્ય મંત્રાલયનાં જણાવ્યા અનુસાર, ભારતમાં કોરોના વાયરસ રિકવર દર વધીને ૯૭.૩૮ ટકા થઈ ગઈ છે. ભારતમાં, ૨૮ જુલાઈનાં રોજ છેલ્લા ૨૪ કલાકમાં ૧૭,૨૮,૭૯૫ કોરોના સેમ્પલોનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. વળી, જુલાઈ ૨૮ સુધી, દેશભરમાં કોવિડ-૧૯ માટે કુલ ૪૬,૨૬,૨૯,૭૭૩ સેમ્પલોનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

### મોદી સરકારનો મહત્વનો નિર્ણય

## મેડિકલ કોર્સમાં OBCને 27% , EWSને ૧૦% અનામતને મંજૂરી




**મેડિકલમાં ઓબીસી અને ઈડબલ્યુએસને અનામતના નિર્ણયથી લગભગ ૫૫૫૦ વિદ્યાર્થીઓને ફાયદો થશે**

*ન્યુ દિલ્હી,તા.૨૯*

મોદી સરકારે મેડિકલ કોલેજોમાં એડમિશનમાં ઓબીસી અને આર્થિક રીતે નબળા વર્ગના છાત્રો માટે અનામત મંજૂર કરી લીધી છે. હવે બંને ગ્રેજ્યુએટ (એમબીબીએસ, બીડીએસ), પોસ્ટ ગ્રેજ્યુએટ અને ડિપ્લોમા સ્તરના મેડિકલ કોર્સીઝમાં પ્રવેશ માટે અન્ય પછાત વર્ગ (ઓબીસી)ના વિદ્યાર્થીઓને ૨૭ ટકા અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને ૧૦ ટકા અનામત મળશે.

આ નિર્ણયથી લગભગ ૫૫૫૦ વિદ્યાર્થીઓને લાભ થશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે કહ્યું છે કે, સરકાર પછાત અને ઈડબલ્યુએસ વર્ગ બંને માટે યોગ્ય અનામત આપવા પ્રતિબદ્ધ છે. દર વર્ષે એમબીબીએસમાં લગભગ ૧૫૦૦ ઓબીસી સ્ટૂડન્ટ્સ અને પોસ્ટગ્રેજ્યુએટ્સમાં ૨૫૦૦ ઓબીસી વિદ્યાર્થીઓને ફાયદો થઈ શકે છે. એ જ રીતે એમબીબીએસમાં લગભગ ૫૫૦ ઈડબલ્યુએસ વિદ્યાર્થીઓ અને પોસ્ટ ગ્રેજ્યુએશનમાં ૧૦૦૦ ઈડબલ્યુએસ વિદ્યાર્થીઓને લાભ થઈ શકે છે. આ વ્યવસ્થા ઓલ ઈન્ડિયા કોટા અંતર્ગત યુજી અને પીજી મેડિકલ/ડેન્ટલ કોર્સીઝ (એમબીબીએસ/ એમડી/ એમએસ/ ડિપ્લોમા/બીડીએસ/ MDS) માટે હાલના એકેડેમિક સત્ર ૨૦૨૦-૨૧થી લાગુ થશે.

ઘણા સમયથી તેને લઈને માગ થઈ રહી હતી. એક દિવસ પહેલા જ કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવના નેતૃત્વમાં ઓબીસી સાંસદોના એક પ્રતિનિધિમંડળે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી નીટ યુજી અને પીજીમાં અખિલ ભારતીય કોટામાં ઓબીસી અને ઈડબલ્યુએસ ઉમેદવારો માટે યોગ્ય અનામતની માગ કરી હતી. બે દિવસ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓલ ઈન્ડિયા મેડિકલ એજ્યુકેશન કોટામાં અન્ય પછાત વર્ગ (ઓબીસી) અને આર્થિક રીતે નબળા વર્ગો (ઈડબલ્યુએસ) માટે અનામતના મુદ્દાની સમીક્ષા કરી હતી. તેમણે સંબંધિત મંત્રાલયોને તેને પ્રાથમિકતાના આધાર પર ઉકેલવા નિર્દેશ આપ્યો હતો. સોમવારે બેઠકમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવીયા, શિક્ષણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, કાયદા તેમજ ન્યાય અને સમાજ કલ્યાણ સચિવોની સાથે-સાથે અન્ય સીનિયર અધિકારી પણ સામેલ થયા અને કોટાના મુદ્દે ચર્ચા કરવામાં આવી. મેડિકલ શિક્ષણમાં ઓલ ઈન્ડિયા કોટામાં ઓબીસી અનામત આપવાની લાંબા સમયથી માગ કરવામાં આવી રહી છે. દેશની જુદી-જુદી કોર્ટોમાં ઘણા કેસ પણ થયા છે અને પરંતુ આ મામલો લાંબા સમયથી પડતર છે.

## પ્રશાંત કિશોર કોંગ્રેસમાં જોડાશે..!, રાહુલ ગાંધીએ પક્ષના નેતાઓનો અભિપ્રાય માંગ્યો

*ન્યુ દિલ્હી,તા.૨૯*

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરના કોંગ્રેસમાં સામેલ થવાની શક્યતાઓ પર છેલ્લા ઘણા દિવસોથી રાજકીય ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. હાલમાં પ્રશાંત કિશોર તરફથી કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી અને પૂર્વ પાર્ટી અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કર્યા બાદ આ અટકળોને ઘણું બળ મળ્યું છે. જોકે, તેઓ પોતાના તરફથી આ અટકળો પર વિરામ લગાવતા જોવા મળ્યા છે. હવે એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે પ્રશાંત કિશોર કોંગ્રેસમાં સામેલ થઈ શકે છે. રિપોર્ટ અનુસાર રાહુલ ગાંધીએ આ સંબંધમાં પાર્ટીના નેતાઓના અભિપ્રાય માંગ્યા છે.

કોંગ્રેસ જોકે આ વિશે કંઈ કહેવાથી અત્યાર સુધી બચતી દેખાઈ રહી છે. એક રિપોર્ટ મુજબ, હવે પાર્ટીની અંદર આ વાતને લઈ ચર્ચા તેજ થઈ ગઈ છે. પાર્ટીમાં આ મામલા સાથે જોડાયેલા ત્રણ લોકોએ જણાવ્યું કે ૨૨ જુલાઈએ રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ મામલા પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા સામેલ હતા. તેમાં એકે એન્ટની, મલ્લિકાર્જુન ખડગે, કેસી વેણુગોપાલ, કમલનાથ અને અંબિકા સોની ઉપસ્થિત હતાં.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે જો તમામ લોકો પ્રશાંત કિશોરના નામને લઈ માની જાય છે તો કોંગ્રેસમાં તેમને મહાસચિવ (અભિયાન પ્રબંધન)ના રૂપમાં અગત્યની જવાબદારી પણ આપવામાં આવી શકે છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે પ્રશાંત કિશોરે ૧૫ જુલાઈએ કોંગ્રેસને આગળ વધારવા માટે ગાંધી પરિવારની સમક્ષ એક પ્રેઝન્ટેશન આપ્યું હતું.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૨૭**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૮૨૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૩૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૪૮૫**

## વડાપ્રધાન મોદીના ટ્વિટર પર ૭ કરોડ ફોલોઅર્સઃ દુનિયાના સૌથી લોકપ્રિય નેતા બન્યા

*ન્યુ દિલ્હી,તા.૨૯*

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોશ્યલમીડિયા પર સૌથી લોકપ્રીયનેતા છે. સોશ્યલમીડિયા પાર સૌથી વધુ ફોલોઅર્સ થવાઅંગે હવે પીએમ મોદીના ટ્વીટરએકાઉન્ટ પર ૭૦ મિલિયન લોકો તેને ફોલો કરી રહ્યા છે. એવામાં પીએમ મોદી સોશ્યલમીડિયા પર ફોલો કરતા નેતાઓની લિસ્ટમાં ટોપ પર પહોંચ્યા છે. જો કે સ્પષ્ટ રીતે તેની વધતી લોકપ્રિયતા તરફ ઈશારો કરી રહી છે.



અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું ટ્વીટર એકાઉન્ટ સસ્પેન્ડ થયા બાદ પીએમ મોદીનું નામ લોકપ્રિય નેતાઓની લિસ્ટમાં સૌથી ઉપર છે. જોકે પીએમ મોદી પહેલા આ ખિતાબ ટ્રમ્પના નામે નોંધાયું હતું. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રાઈવેટ એકાઉન્ટને૮૮.૭ મિલિયન એટલે કે ૮ કરોડ ૮૭ લાખ લોકો ફોલો કરી રહ્યા છે. આ દરમ્યાનવિશ્વના સક્રિય નેતાઓની લિસ્ટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીજા નંબર પર હતા.જો કે હવે વધીને૭૦ મિલિયન એટલે કે ૭ કરોડ પર કરી ગઈ છે. અગાઉ ગયા વર્ષે ૨૦૨૦માં પણ પીએમ મોદી ઓગસ્ટ થી ઓકટોબર વચ્ચે ટ્વીટર, યૂટ્યૂબ,ગુગલ સર્ચ દરેકના ટ્રેડિંગ ચર્ટપર ટોપ પર રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# ટોક્યો ઓલિમ્પિકમાં કોરોનાની એન્ટ્રી



ટોક્યો ઓલિમ્પિક પર કોરોનાનો ખતરો મંડરાઇ રહ્યો છે. સતત કેસો વધતા લોકોમાં ચિંતા વધી છે. ગુરુવારે પણ અહીં રમતના સ્થળે કોરોનાના ૨૪ નવા કેસો સામે આવ્યા છે. જેમાં ત્રણ એથ્લેટ પણ સામેલ છે. આ ઓલિમ્પિક રમતોમાં એક દિવસમાં નોંધાયેલા સૌથી વધુ કેસો છે. ઓલિમ્પિકના ઓયજકોએ આ વાતની જાણકારી આપી છે, આની સાથે જ ઓલિમ્પિકની શરૂઆતથી અત્યાર સુધી અહીં નોંધાયેલા કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૯૩ થઇ ગઇ છે. એથ્લેટ્સ કોરોનાથી સંક્રમિત થતા ખળભળાટ મચી ગયો છે.

આ પહેલા બુધવારે ઓલિમ્પિક સાથે જોડાયેલા કોરોનાના ૧૬ નવા કેસો સામે આવ્યા હતા. જોકે, આમાં કોઇપણ કેસ રમત સ્થળ પરથી કે ઓલિમ્પિક રમી રહેલા ખેલાડીઓ કે અધિકારીઓનો ન હતા. કાલે મળેલા કોરોનાના ૨૪ નવા કેસોમાંથી ૧૫ આ રમતો સાથે જોડાયેલા કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરના છે. જ્યારે ત્રણ એથ્લેટના રિપોર્ટ પણ પોઝિટીવ આવ્યા છે. આયોજકો અનુસાર, સોમવાર સુધી જાપાનમાં લગભગ ૩૮ હજાર ૪૮૪ લોકો વિદેશથી આવી ચૂક્યા છે.

આ પહેલા જાપાનમાં કાલે કોરોના કોરોના વાયરસના ૩,૧૭૭ નવા કેસો નોંધાયા હતા, જે અત્યાર સુધીના સંક્રમણના સૌથી વધુ કેસો છે. ઓલિમ્પિકની શરૂઆત બાદ આ પહેલીવાર છે જ્યારે અહીં આટલા બધા કોરોનાના દૈનિક કેસો આવ્યા હોય. આ આંકડો ત્રણ હજારને પાર થતાં ચિંતાનો વિષય બન્યો છે.

મંગલવારે ૨,૮૪૮ નવા કેસોનો રેકોર્ડ બન્યો હતો. પરંતુ બુધવારે આનાથી પણ વધુ નવા કેસો સામે આવ્યા હતા. ગયા વર્ષની શરૂઆતમાં મહામારી ફેલાયા બાદ જાપાનની રાજધાની ટોક્યોમાં સંક્રમિતોનો આંકડો બે લાખ છ હજાર ૭૪૫ સુધી પહોંચી ગયો હતો.

ટોક્યોમાં ઓલિમ્પિકની શરૂઆત પહેલા ૧૨ જુલાઇથી ઇમર્જન્સી લાગુ છે. લોકોના વિરોધ અને મહામારી ફેલાવવાની આશંકા સાથે જોડાયેલી ચિંતાઓની વચ્ચે ઓલિમ્પિક રમતો ગયા અઠવાડિયે શુક્રવારથી શરૂ થઇ છે. જોકે તમામ રમતો દર્શકો વિના જ આયોજિત થઇ રહી છે. વિશેષજ્ઞોનુ કહેવુ છે કે ટોક્યોમાં સંક્રમણના કેસો વાયરસના ડેલ્ટા પ્રકારથી ફેલાઇ રહ્યાં છે જે ખુબ ઝડપથી ફેલાય છે.

રમતોના મહાકુંભ ટોક્યો ઓલિમ્પિકમાં ૬ દિવસ પૂરા થયા છે. ભારતના ખાતામાં અત્યાર સુધીમાં એક જ મેડલ આવ્યો છે. ભારત મેડલ ટેલીમાં ૪૨માં ક્રમે છે. અમેરિકા ૧૦ ગોલ્ડ, ૧૧ સિલ્વર અને ૯ બ્રોન્ઝ એમ ૩૦ મેડલ સાથે પ્રથમ ક્રમે છે. ચીન ૧૨ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૯ બ્રોન્ઝ મળી કુલ ૨૬ મેડલ સાથે બીજા ક્રમે છે. જાપાન ૧૨ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૫ બ્રોન્ઝ એમ મળી કુલ ૨૧ મેડલ સાથે ત્રીજા ક્રમ પર છે.

## ચોમાસું સત્રમાં હંગામો

# ૭ દિવસની કાર્યવાહીમાં ૧૨ કલાક ચાલી સંસદ, ૫૩.૮૫ કરોડ રૂપિયા બરબાદ



*ન્યુ દિલ્હી,તા.૨૯*

ચોમાસું સત્રનુ બીજુ સપ્તાહ પૂરૂ થવાનુ છે, પરંતુ સંસદમાં શાંતિ ભંગ કરવાની પ્રક્રિયા પૂરી થઈ નથી. પેગાસસ જાસૂસી કાંડ અંગે ચર્ચાની માંગ અંગે વિપક્ષ મક્કમ છે, ત્યારે સરકાર મક્કમ છે કે તે વિપક્ષને રાજકીય ધોરણે સ્કોર કરવાની મંજૂરી નહીં આપે.

૧૯ મી જુલાઈથી શરૂ થયેલા ચોમાસુ સત્રમાં સંસદ ૯ દિવસ જ ચાલી છે. છેલ્લા ૭ દિવસની કાર્યવાહીની વાત કરીએ તો લોકસભા ૪ કલાક અને રાજ્યસભા ૮.૨ કલાક ચાલી છે. લોકસભામાં ૩૮ કલાક હોબાળો મચ્યો હતો, જ્યારે રાજ્યસભામાં ૩૩.૮ કલાક કાર્યવાહી ખોરવાઈ હતી. આ દરમિયાન બંને ગૃહો સાથે મળીને સરકારી તિજોરીના ૫૩.૮૫ કરોડ રૂપિયા સ્વાહા થયા છે. ગૃહની એક કલાકની કાર્યવાહીનો ખર્ચ લગભગ ૨.૫ લાખ રૂપિયા છે. ગુરુવારે, લોકસભા અધ્યક્ષે એક ચેતવણી આપી હતી, ગૃહની કાર્યવાહી દરમિયાન હંગામો કરવા અંગે સખત નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે ગઈકાલની (૨૮ જુલાઈ) ની ઘટના ખૂબ જ દુખદ અને ગૃહના ધોરણોની વિરુદ્ધ છે. ગઈકાલે જે પણ થયું તે આ પ્રતિષ્ઠિત ગૃહની મૂળ નૈતિકતાની વિરુદ્ધ છે. જો કોઈની સામે કોઈ ફરિયાદ હોય, તો કોઈપણ સભ્ય આવીને મારી ચેમ્બરમાં તેની સમસ્યા કહી શકે છે.

ઓમ બિરલાએ ચેતવણી આપી હતી કે લોકસભા અધ્યક્ષ અથવા સ્પીકર પર કાગળ ફેંકવા સ્વીકાર્ય નથી. ગૃહના સભ્યો લાખો લોકોનું પ્રતિનિધિત્વ કરે છે અને આવી ઘટનાઓનું પુનરાવર્તન કરવામાં આવી રહ્યું છે. હવે આવી ઘટનાનું પુનરાવર્તન થાય તો કાર્યવાહી કરી શકાય છે.



**પ્રાતઃ સ્મરણિય સંત શ્રી પુનિત મહારાજ ની ૫૯મી પુણ્યતિથિ નિમિત્તે શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ(ધંધુકા ક્ષેત્ર) દ્વારા પુનિત મહારાજ પ્રેરિત "ભાખરી દાન" ની પ્રવૃતિ અંતર્ગત દરિદ્રનારાયણ ને થેપલા અને અથાણાં ના પેકેટ વિતરણ કરવામાં આવ્યા. ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ**

# શેરબજારમાં તેજીનો માહોલ, નિફ્ટી ૧૫,૭૫૦ની સપાટી કૂદાવીને બંધ

*મુંબઈ,તા.૨૯*

બોમ્બે શેરબજારના બેન્ચમાર્ક સેન્સેક્સમાં ત્રણ દિવસના ઘટાડાને બ્રેક લાગતા ગુરુવારે ૨૦૯ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. તાતા સ્ટીલ, એસબીઆઈ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં લેવાલી તેમજ વૈશ્વિક બજારમાં ઉછાળાને પગલે સ્થાનિક શેરબજારમાં પોઝિટિવ ટ્રેન્ડ જોવા મળ્યો હતો. બીએસઈ સેન્સેક્સ ૨૦૯.૩૬ પોઈન્ટ વધીને ૫૨,૬૫૩.૦૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નિફ્ટી આંક પણ ૬૯.૦૫ ટકા વધીને ૧૫,૭૭૮.૪૫ના સ્તરે બંધ રહ્યો હતો.

સેન્સેક્સના બ્લુચીપ કાઉન્ટર પૈકી તાતા સ્ટીલ સૌથી વધુ ૭ ટકા વધ્યો હતો. આ ઉપરાંત બજાજ ફિનસર્વ, એસબીઆઈ, એચસીએલ ટેક, સન ફાર્મા, બજાજ ફાઈનાન્સ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ઉછાળો નોંધાયો હતો. જ્યારે મારુતિ સુઝુકી, પાવર ગ્રીડ, બજાજ ઓટો અને આઈટીસીમાં નરમાઈ રહી હતી.

મેટલ અને આઈટી શેરોમાં સકારાત્મક ઉછાળો નોંધાયો હતો. વૈશ્વિક સ્તરે પણ સકારાત્મક સંકેત રહેતા સ્થાનિક બજારમાં રોકાણકારોનું સેન્ટિમેન્ટ તેજીનું રહ્યું હતું. જુલાઈ વલણના અંતિમ દિવસે ઓળિયા સુલટાવવામાં આવ્યા હતા. પસંદગીના હેવીવેઈટ શેરોમાં શોર્ટ કવરિંગ નોંધાયું હતું. ઓટો, ફાર્મા તેમજ એફએમસીજીમાં નરમાઈ રહી હતી. મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં પણ આંશિક ખરીદી નોંધાઈ હતી.

એશિયન બજારોમાં શંઘાઈ, હોંગકોંગ અને સીઓલના માર્કેટમાં ઉછાળો રહ્યો હતો. યુરોપના બજારો મિડ સેશનમાં પણ મજબૂતી સાથે કામકાજમાં હતા.

# બે-તૃતિયાંશ વસ્તિમાં કોરોના વાયરસની એન્ટિબોડી ડેવલપ થઈ: આઈસીએમઆરનો સીરો સર્વે

ન્યુ દિલ્હી,તા.૨૯

દેશનાં ૨૧ રાજ્યમાં કરવામાં આવેલા એક સર્વેમાં એ વાત પ્રકાશમાં આવી છે કે અહીંની બે-તૃતીયાંશ વસતિમાં કોરોના વાઈરસની એન્ટિબોડી ડેવલપ થઈ છે. ૭૯ ટકા એન્ટિબોડીની સાથે મધ્યપ્રદેશ સૌથી આગળ છે, જ્યારે માત્ર ૪૪.૪ ટકા એન્ટિબોડીની સાથે કેરળ સૌથી પાછળ છે. જોકે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને ગુજરાત સહિત ૮ રાજ્યમાં ૭૦ ટકાથી વધુ લોકોમાં એન્ટિબોડી વિકસિત થઈ છે. જોકે ચિંતાની વાત એ છે કે હાલ દેશમાં સૌથી વધુ સંક્રમણના કેસ કેરળમાં નોંધાઈ રહ્યા છે.

ઈન્ડિયન મેડિકલ રિસર્ચ કાઉન્સિલ તરફથી ૧૪ જૂનથી ૧૬ જુલાઈની વચ્ચે કરાવવામાં આવેલા સીરો સર્વેનો રિપોર્ટ બુધવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કર્યો છે. દેશના ૭૦ જિલ્લામાં આઈસીએમઆરનો આ ચોથો સીરો સર્વે છે. કોઈ વસતિના બ્લડ સીરમમાં એન્ટિબોડીના લેવલને સીરોપ્રિવલેન્સ કે સીરોપોઝિટિવિટી કહેવામાં આવે છે.

આ પરિણામને જોતાં સ્વાસ્થ્ય મંત્રાલયે રાજ્યોને સૂચન કર્યું કે તેઓ આઈસીએમઆરના દિશા-નિર્દેશમાં પોતાનો સીરોપ્રિવલેન્સ સ્ટડી કરાવે. આ સીરો સર્વેનાં પરિણામોનો કોરોનાના નિયંત્રણ માટે ઉપયોગ કરવામાં આવી શકશે.

આઈસીએમઆરનો સીરો સર્વે નેશનલ લેવલ પર કોવિડ ઈન્ફેક્શનના ફેલાવવાને સમજવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો હતો. એનાં પરિણામો જિલ્લા અને રાજ્યોની વચ્ચે સીરોપ્રિવલેન્સની વિવિધતા કે વરાઈટી બતાવતા નથી.

# બહેનના અસહ્ય ત્રાસથી ભાઈ ઝેરી દવા પીવા મજબુર બન્યો : મોડાસાના સર્વોદય નગર વિસ્તારમાં ભાઈનું મકાન તોડી પાડવાની ધમકી આપતી હતી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ભાઈ બહેનના અતૂટ પ્રેમનું બંધન એટલે રક્ષા બંધનના તહેવારને ગણતરીના દિવસો બાકી છે ત્યારે એક બહેને તેના ભાઈને અસહ્ય માનસીક ત્રાસ આપતા ભાઈ ઝેરી દવા ગટગટાવવા મજબુર બન્યો હોવાની ઘટના મોડાસા શહેરમાં બનતા ભારે ચકચાર મચી છે મોડાસા શહેરના સર્વોદય નગર (ડુંગરી) વિસ્તારમાં એક શ્રમીક યુવકને તેની બહેને યુવકના ઘરને તોડી પાડવાની અને કેસ કરવાની સતત ધમકી આપતા બહેના અસહ્ય બનેલા માનશીક ત્રાસથી ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતા અફડાતફડી મચી હતી યુવકને તેના પરિવારજનોએ તાબડતોડ સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો હાલ યુવકની સ્થીતી ગંભીર હોવાથી પરિવારજનોએ રોકોકકળ કરી મૂકી હતી બહેનની કાળી કરતૂત સામે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો

છેલ્લા કેટલાક સમયની વાત કરીએ તો ઘરેલુ હિંસાના કેસો દિવસેને દિવસે વધી રહ્યા છે. પરિણામે અનેક લોકોએ મજબૂરીમાં પોતાની જિંદગી ટૂંકાવી દેવા મજબુર બનતા હોવાના કિસ્સામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે મોડાસા શહેરના સર્વોદય નગર વિસ્તારમાં શ્રમજીવી જગદીશ રમણભાઈ વાઘેલા તેમના પરીવાર સાથે રહે છે સરકાર તરફથી મકાનની

સહાય મંજુર થતા રમણભાઈ વાઘેલાએ મકાન બનાવવાની શરૂઆત કરતા અગમ્ય કારણોસર તેમની બહેને ભાઈનું મકાન બનતું અટકાવવા રોડા નાખવાનું શરૂ કર્યું હતું અને કલેકટર અને પોલીસને મકાન અટકાવવા અરજી આપવાની અને કેસ કરવાની સતત ધમકી આપતા માંડ માંડ પાકુ મકાન બની રહ્યું છે ત્યારે બહેન જ વિલન બનતા છેલ્લા કેટલાક દીવસથી ઘર નહિ બને તેની ચિંતામાં રહેતા હતા આખરે બહેનના અસહ્ય બનેલા માનશીક ત્રાસના પગલે ગુરુવારે રમણભાઈ વાઘેલાએ ઝેરી દવા ગટગટાવી લેતા પરિવારજનોને જાણ થતા બેભાન અવ્યસ્થામાં રમણભાઈ ને સારવાર અર્થે મોડાસા સાર્વજનીક હોસ્પિટલમાં ખેસેડાયા હતા ફરજ પરના તબીબોએ યુવકની હાલત ગંભીર હોવાનું જણાવતા પરિવારજનો ચિંતામાં સરી પડ્યા હતા હોસ્પિટલમાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા

આત્મહત્યાનો પ્રયાસ કરનાર રમણભાઈ વાઘેલાની પુત્રીના જણાવ્યા અનુસાર મારા દાદા-દાદી મરી ગયા ત્યારથી મારી ફોઈ મારા પપ્પાને ત્રાસ આપે છે અને મકાન પણ તોડી પાડવાની ધમકી આપતા મારી પપ્પાએ ઝેરી દવા ગટગટાવી લીધી છે

## ૧૩ જુલાઇ સુધી દેશમાં લગભગ અઢી લાખ વેક્સિનના ડોઝ ખરાબ થયા: સંસદમાં કેન્દ્રનું નિવેદન

ન્યુ દિલ્હી,તા.૨૯

દેશમાં કોરોના વેક્સિનેશનનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. અત્યાર સુધી ૪૫ કરોડથી વધારે ડોઝ લગાવવામાં આવી ચૂક્યા છે. આ દરમિયાન વેક્સિન વેસ્ટેજનો મુદ્દો ચર્ચામાં છે. કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં જવાબ આપવામાં આવ્યો છે કે જુલાઈ સુધી સૌથી વધારે વેક્સિન વેસ્ટેજ બિહારમાં થઈ છે. કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં જાણકારી આપવામાં આવી છે કે ૧ મે ૨૦૨૧થી ૧૩ જુલાઈ સુધી દેશમાં લગભગ અઢી લાખ વેક્સિનના ડોઝ ખરાબ થયા છે. જે રાજ્યોમાં વેક્સિન ખરાબ થઈ ગઈ છે તેમાં બિહાર, જમ્મુ-કાશ્મીર, ત્રિપુરા, દિલ્હી, ઉત્તર પ્રદેશ, પંજાબ, મણિપુર અને મેઘાલય છે. બિહારમાં ૧.૨૬ લાખ, દિલ્હીમાં ૧૯ હજાર, જમ્મુ-કાશ્મીરમાં ૩૨ હજાર, મણિપુરમાં ૧૨ હજાર, મેઘાલયમાં ૩૫૦૦, પંજાબમાં લગભગ ૧૩ હજાર, ત્રિપુરામાં ૨૭ હજાર અને ઉત્તર પ્રદેશમાં લગભગ ૧૩ હજાર વેક્સિન ખરાબ થઈ છે. સરકાર દ્વારા આ રાજ્યો ઉપરાંત ગુજરાત કે કોઈ અન્ય રાજ્યના વેક્સિન વેસ્ટેજના આંકડા નથી આપવામાં આવ્યા. સરકાર દ્વારા અત્યાર સુધી તમામ રાજ્યોને લગભગ ૪૨ લાખ એક્સ્ટ્રા વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે દેશમાં અત્યાર સુધી વેક્સિનના કુલ ૪૫,૦૭,૦૬,૨૫૭ ડોઝ આપવામાં આવ્યા છે. વેક્સિનેશનના મામલે ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર જેવા રાજ્યો આગળ ચાલી રહ્યા છે. વેક્સિનની બરબાદીને લઈને અનેકવાર રાજકીય નિવેદનબાજી પણ થઈ છે. બીજેપી દ્વારા રાજસ્થાન, છત્તીસગઢ પર વેક્સિન વેસ્ટજનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

## દેશભરના કુલ કોરોના કેસોમાં ૫૦ ટકા કેસ કેરળમાં નોંધાયા

# કેરળમાં કોરોનાનો હાહાકાર: બે દિવસ સંપૂર્ણ લૉકડાઉનની જાહેરાત

*ન્યુ દિલ્હી,તા.૨૯*

કોરોનાના કેસની વધતી સંખ્યાને કારણે કેરળ સરકારની ચિંતા વધી ગઈ છે. સરકારે રાજ્યમાં બે દિવસના સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી છે. કેરળમાં ૩૧ જુલાઈ અને પહેલી ઓગસ્ટના રોજ સંપૂર્ણપણે લોકડાઉનનું પાલન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અહીં કોરોનાના કેસ ફરીથી વધી રહ્યા છે. પાછલા ૨૦ દિવસમાં સૌથી વધારે કેસ ૨૪ કલાકમાં સામે આવ્યા છે.

દેશભરના કુલ કેસમાં ૫૦ ટકા કેસ કેરળમાં છે. આ આંકડાઓ સામે આવ્યા પછી કેરળ સરકારે લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય લીધો છે. કોરોનાની બીજી લહેરનો સંપૂર્ણપણે અંત નથી આવ્યો. કેરળ, મહારાષ્ટ્ર અને નોર્થ ઈસ્ટના રાજ્યોમાં કોરોનાના સૌથી વધારે કેસ સામે આવી રહ્યા છે. બીજી લહેર પીક પર પહોંચી પછી કેરળમાં કેસ ઘટવા લાગ્યા હતા. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, દરરોજના ચાર લાખ કેસ ઘટીને ૨ લાખ સુધી પહોંચવામાં ૨૬ દિવસનો સમય લાગ્યો હતો. ૨ લાખ કેસથી ૧ લાખ સુધી આવવામાં ૧૧ દિવસનો સમય લાગ્યો હતો. એક લાખ કેસથી ૫૦ હજાર કેસ સુધી આવવામાં ૨૦ દિવસનો સમય લાગ્યો હતો, પરંતુ પાછલા ૩૧ દિવસથી નવા કેસ ૩૦-૪૦ હજારની સંખ્યામાં નોંધાઈ રહ્યા છે. આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર, બુધવારના રોજ નોંધાયેલા કેસમાં ૮૦ ટકા કેરળ, મહારાષ્ટ્ર અને નોર્થ ઈસ્ટના રાજ્યોના છે.

ચિંતાજનક વાત એ છે કે દેશના કુલ કેસમાંથી ૫૦ ટકા માત્ર કેરળથી છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૬૬ ટકા વસ્તી કોરોના સંક્રમિત છે, કન્ટેનમેન્ટ સ્ટ્રેટજી પર ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે અને ઈદના અવસર પર છૂટ આપવામાં આવી હતી, આ કેસ વધવાના મુખ્ય કારણો છે. કેરળમાં વધતા કેસોને ધ્યાનમાં રાખીને સરકાર પોતાની ટીમ કેરળ મોકલશે. આ ટીમમાં ૩-૪ સભ્યો હશે. આ ટીમ હોસ્પિટલમાં બેડની સ્થિતિ, એમ્બ્યુલન્સ, વેન્ટીલેટર અને મેડિકલ ઓક્સિજનની સાથે સાથે કોરોના રસીકરણના પૂરતા સંસાધનોની સ્થિતિ જોશે.

રાજ્યમાં સૌથી વધારે સંક્રમિત લોકો મલપ્પુરમમાં ૩૯૩૧, ત્રિશૂરમાં ૩૦૦૫, કોઝિકોડમાં ૨૪૦૦, એર્નાકુલમમાં ૨૩૯૭, પલક્કડમાં ૧૬૪૯ અને કોલ્લમમાં ૧૪૬૨, અલાપ્પુઝામાં ૧૪૬૧, કન્નૂરમાં ૧૧૭૯, તિરુવનંતપુરમમાં ૧૧૦૧, કોટ્ટાયમમાં ૧૦૬૭ કેસ આવ્યા છે. જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે નવા મામલામાં ૧૦૦ સ્વાસ્થ્ય કર્મી સામેલ છે. રાજ્યમાં વિભિન્ન જિલ્લાના હાલ ૪,૪૬,૨૧૧ લોકો ઓબ્જર્વેશનમાં છે.

# રાફેલ વિમાનને ૧૦૧ સ્ક્વોડ્રનમાં સામેલ કરાયા, હાશીમારા ખાતે ભવ્ય કાર્યક્રમની ઉજવણી

*ન્યુ દિલ્હી,તા.૨૯*

ભારતીય વાયુ સેનાએ ૨૮ જુલાઇ ૨૦૨૧ના રોજ ઇસ્ટર્ન એર કમાન્ડમાં આવેલા એરફોર્સ સ્ટેશન, હાશીમારા ખાતા યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન નંબર- ૧૦૧ સ્ક્વૉડ્રનમાં ઔપચારિક રીતે રાફેલ વિમાનને સામેલ કર્યા છે. એર સ્ટાફના વડા એર ચીફ માર્શલ આર. કે. એસ. ભદૌરિયા PVSM, AVSM, VM, ADCના અધ્યક્ષ સ્થાને વિમાનને સામેલ કરવાનો આ કાર્યક્રમ યોજાયો હતો. હાશીમારા ખાતે રાફેલ વિમાનોના આગમનની ઘોષણારૂપે આયોજિત આ કાર્યક્રમમાં ફ્લાઇ-પાસ્ટ અને ત્યારબાદ પરંપરાગત રીતે પાણીના ફુવારાથી સલામી પણ આપવામાં આવી હતી.

રાફેલ વિમાનના સમાવેલ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત કર્મીઓને સંબોધતા ઝછજી એ જણાવ્યું હતું કે, હાશીમારા ખાતે રાફેલનો સમાવેશ કાળજીપૂર્વક આયોજન સાથે કરવામાં આવ્યો છે. પૂર્વીય ક્ષેત્રમાં IAFની ક્ષમતાઓને વધુ મજબૂત કરવાની બાબતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. 'ચામ્બ અને અખનૂરના ફાલ્કન' તરીકેનું બિરુદ મેળવનારા ૧૦૧ સ્ક્વૉડ્રનના કિર્તીમય ઇતિહાસને યાદ કરતા CASએ કર્મીઓને અનુરોધ કર્યો હતો કે, તેઓ નવા સામેલ કરવામાં આવેલા પ્લેટફોર્મની અજોડ શક્તિઓ સાથે તેમના જુસ્સા અને પ્રતિબદ્ધતા જોડે આવી જ રીતે સતત જોડાયેલા રહે. તેમણે કહ્યું હતું કે, તેમને એ બાબતે કોઇ જ શંકા નથી કે, સ્ક્વૉડ્રન જ્યારે અને જ્યાં પણ જરૂર પડશે ત્યારે તેમનું પ્રભૂત્વ જાળવશે અને સુનિશ્ચિત કરશે કે, તેમની નિર્ભેળ ઉપસ્થિતિ માત્ર ગમે તેવા વિરોધીઓ ડરી જશે.

## પોલીસે કુલ ૫.૦૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# કલોલમાં જનપથ પેટ્રોલ પંપ પાસે કારમાંથી પોલીસે દારુ ૨૮ પેટી સાથે એક ઈસમન ઝડપી પાડ્યો

કલોલ,તા.૨૯

કલોલ જનપથ પેટ્રોલ પંપ પાસે ટાયર ફાટી જતાં ડિવાઈડર પર ચડી ગયેલી ટોયોટા કારમાંથી પોલીસને ૨૮ પેટી ભરીને ૧૦૭૬ નંગ વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસને બગાસું ખાતાં પતાસુ મળ્યા જેવો ઘાટ સર્જાયો હતો. ત્યારે પોલીસે વિદેશી દારૂનો જથ્થો તેમજ કાર મળીને રૂ. ૫.૦૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો. કલોલ ડીવાયએસપી કચેરીનો સ્ટાફ ગઈકાલે સાંજના સમયે કચેરીએ હાજર હતો તે વખતે એ.એસ.આઈ મહીપતસિંહ અજીતસિંહને જાણ થયેલી કે કલોલના જનપથ પેટ્રોલ પંપ નજીક વિદેશી દારૂ નો જથ્થો ભરેલી ટોયોટા કાર ડિવાઈડર પર ચડી ગઈ છે. જેનાં કારણે ટ્રાફિક જામ થઇ ગયો છે. જેનાં પગલે ડીવાયએસપી કચેરીનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો.

પોલીસની તપાસમાં ટાયર ફાટી જવાથી કારનાં ચાલકે કાર પરનો કાબુ ગુમાવી દઈ કારને ડિવાઈડર પર ચઢાવી દીધી હતી. અને કાર સ્થળ પર મૂકીને ડ્રાઈવર નાસી છુટયો હતો. પોલીસે કારનો દરવાજો ખોલતા તેમાંથી વિદેશી દારૂની પેટીઓ મોટા પ્રમાણમાં મળી આવી હતી. જો કે જાહેર માર્ગ પર વાહનોની અવરજવર હોવાના કારણે પોલીસે ક્રેન મારફતે કારને કચેરી સુધી લાવવામાં આવી હતી. જ્યાં વિદેશી દારૂની ગણતરી કરતા એક પછી એક કુલ ૨૮ પેટીઓ ભરીને વિદેશી દારૂ તેમજ બિયર મળીને કુલ ૧૦૭૬ નંગ દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

જેનાં પગલે પોલીસે રૂ. ૨ લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો તેમજ કાર, મોબાઈલ મળી કુલ. રૂ. ૫.૦૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કલોલ શહેર પોલીસ મથકમાં ગુનો દાખલ કર્યો હતો. બીજી તરફ અકસ્માત થયા પછી કારમાંથી લોકોએ વિદેશી દારૂની લૂંટફાટ કરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. ત્યારે હાલમાં તો પોલીસને પોલીસને બગાસું ખાતાં પતાસુ મળ્યાનો ઘાટ સર્જાયો હતો.



**માનવ સેવા એજ પ્રભુ સેવા" માં માનનાર ભારતીય યુવા મોરચો ગુજરાત પ્રદેશ જેમાં પાટણ જીલ્લા યુવા ભાજપ દ્વારા પાટણ ખાતે વિવિધ સંસ્થાઓ નો સન્માન સમારંભ રાખેલ જેમાં જાયન્ટસ પાટણ પરિવારે કોરોના સમય માં સતત વહીવટી તંત્ર સાથે રહીને વિવિધ સોસાયટીઓ માં જઈને કોરોના ટેસ્ટિંગ કોરોના વેક્સિન અને હાલ માં પણ મેડિકલ ટિમો સાથે રહીને સહયોગ આપવા બદલ જાયન્ટસ પાટણ પરિવાર ની સેવા ને બિરદાવી ને સન્માનિત કરેલ. પાટણ જીલ્લા યુવા ભાજપ પ્રમુખ કૌશલ ભરતભાઈ જોશી, ગૌરાંગ પ્રજાપતિ ,ગૌરાંગ મોદી ,અને યુવા ભાજપ મોરચાની સમગ્ર ટીમનો જાયન્ટસ પાટણ પરિવાર આભાર માનેલ એમ નટવરભાઈ દરજી એ જણાવ્યું આ પ્રસંગે ભાજપ ગુજરાત પ્રદેશ પૂર્વ મહામંત્રી કેસી પટેલ કિશોરભાઈ મહેશ્વરી જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોર ભાવેશભાઈ પટેલ તેમજ અન્ય ભાજપના હોદેદારો હાજર રહેલ**

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચનાઓ
વિષય : સફળતા - નિષ્ફળતા,,સક્રિય - નિષ્ક્રિય " વિષયક રચનાઓ. (૩૦-૭-૨૦૨૧) દિવસ - ૪

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

NOG SS No : 0059
પ્રકારઃ ગદ્ય - લેખ.
શબ્દઃસફળતા-નિષ્ફળતા, સક્રિય-નિષ્ક્રિય.
શીર્ષકઃ નિષ્ફળતા એજ સફળતાનો પાયો.
શબ્દોઃ૨૫૦.

સફળતા, એ નિષ્ફળતાની ઈટોંથી બાધેંલી ઈમારતછે.

પ્રત્યેક સિક્કાને બે બાજુછે તેમજ, માનવજીવનને પણ બે બાજુંઓછે, એકછે સફળતા યાને આનંદનો મહોત્સવ તો બીજી બાજું,નિષ્ફળતા એટલે દુઃખનો દરિયો.

હાં- માનવજીવનમા પૂર્વભવોના સંચિત કરેલાં કર્મો અનુસાર કોઈકેને વહેલી અને સરળતાથી સફળતાં મળેછે તો કોઈકને સખ્ત પરિશ્રમથી લાંબા સમય બાદ મળેછે, તો કોઈકના જીવનમા અંત સુધી પણ સફળતા ડોકાંતી નથી

હાં, વિશ્ર્વના પટ પર એવી પણ વિરલ વ્યકિતોછે જેણે જીવનમાં હર અનુભવે નિષ્ફળતાજ અનુભવીછે,છતાં 'કરતાં જાળ કરોળિયો' ની કહેવત અનુસાર હર નિષ્ફળતા બાદ બમણાં આત્મ વિશ્ર્વાસ અને ચારગણી મહેનત કરી નિષ્ફળતાની ઈંટો વડે પોતાની સફળતાની ઈમારત,વટથી ઊભી કરીછે.

જગતને પોતાની તેજસ્વિતાના દર્શન કરાવ્યાંછે.

પરિશ્રમની મિશાલને વધું તેજસ્વી બનાવીને પોતાની આગવી ઓળખ ઈતિહાસમાં નોંધાવીછે.

વિરલ વ્યક્તિઓને શત્ત શત્ત વંદન.

સફળતાને હજું પચાવવી સહેલીછે, પણ સતત મળતી નિષ્ફળતાને પચાવવા માટે તો આગવી ધીરજ,આગવી મહેનત સાથે ફરી તેજ કાર્ય માટેનો આગવો ઉત્સાહ જ સફળતા ને બાંધી લાવેછે.

અંગ્રેજી કહેવત
'Failures are the pillars of SUCCESS.' તો તેને ટોંચ મારે તેવી આપણી ગુજરાતી કહેવત
"નિષ્ફળતાની સીડી બનાવી
સફળતા મેળવે તે મરદમાણસ !
" પરિશ્રમની પાંખે ઊડી માનવ પોતાનાં પારબ્ધને પલ્ટી શકેછે".

જયકાન્ત ઘેલાણી 'પ્યારે'.

---

NOG SS NO : 0055
વિષય : નિષ્ફળતા
વિભાગઃ ગદ્ય ( વાર્તા )
શીર્ષક :
"સફળ કે નિષ્ફળ...?"

આજે ફરીથી એકવાર સન્માન સમારંભમાં પરમેશ્વરી દેવી છવાઇ ગયા, એટલો માન મરતબો મળ્યો કે ભલભલા તેની સેવાની ભેખને નતમસ્તક થઈ ગયા.

શહેરમાં એક એવું અનાથ બાળક ન્હોતું કે જે પરમેશ્વરી " મા "નીછત્રછાયામાં ઉછર્યું ન હોય, એક એવું વૃદ્ધાશ્રમ ન્હોતું કે જ્યાંનાં વડીલોને "દીકરી" પરમેશ્વરી એ સંભાળ્યા ન હોય, મુસીબતો સામે માનવી ભલે લાચાર હોય પણ પરમેશ્વરી દેવી મુસીબતના મહારથી ગણાતા.

સફળતા જાણે ચડતા સૂર્યની જેમ તેમને પોંખી રહી હતી.

આજે સમારંભમાં હાજરી આપી પાછા ફર્યા ત્યારે એક જ સવાલ અગ્નિની જેમ લપકારા મારતો લાગ્યો જે પત્રકારો વારંવાર પૂછી રહ્યા હતા," તમારી પ્રેરણા કોણ?????"

હવે કહે તો કેમ કહે કે તેની અતિશય મહત્વાકાંક્ષા હેઠળ કચડાયેલા જુવાનજોધ દીકરાની આત્મહત્યા .......

બસ, એક "મા"નોવિયોગ ..દુનિયા કે ' દી સમજવાની હતી .....

પ્રચંડ સફળતા પાછળ એક નિષ્ફળ માનો પુણ્ય પ્રકોપ લપકારા મારતો હતો....

આજે ફરી એક એવોર્ડ મળ્યો, તેઓ ફિક્કું હસ્યા અને પોતાની જાતને પૂછી બેઠા.... " હું સફળ કે નિષ્ફળ ?"

શ્રદ્ધા ભટ્ટ,વાપી

---

NOG SS NO. 0034
વિષય : સફળતા-નિષ્ફળતા/સક્રિય-નિષ્ક્રિય
વિભાગ : ગદ્ય ( લેખ )
શીર્ષક : મહેનત... મહેનત... મહેનત
શબ્દો : ૩૪૪

"ચાખવા સ્વાદ સફળતાનો તું વહેતો રહેજે,
જીવન હારજીતની બાજી, તું ખેલતો રહેજે,
રાખ હૈયે વિશ્વાસ, મળશે કામયાબી જરૂર તને,
નિષ્ફળતાને ધકેલી આગળ તું વધતો રહેજે."

કોઈપણ કાર્યમાં સતત મથવું તેને સીધી સાદી ભાષામાં સક્રિયતા ( active) કહી શકાય. સક્રિય અને નિષ્ક્રિય વિરોધી શબ્દો છે, પરંતુ બંને માનવજીવન પર ઊંડી અસર કરે છે. વ્યક્તિએ સફળતા પ્રાપ્ત કરવા સક્રિય રહેવું જ પડે. આળસુને જીવનમાં સફળતાનો સ્વાદ ચાખવા મળતો નથી. એક ખૂબ સુંદર વાત છે- ખિસકોલીની. જ્યારે સમુદ્ર ઉપર પુલ બનાવવામાં આવતો હતો ત્યારે સૌ મોટા-મોટા પથ્થરો ઉપાડીને લઈ જતાં હતાં ત્યારે એક નાની ખિસકોલી કિનારાની રેતીમાં આળોટીને એ રેતી સમુદ્રમાં નાંખતી હતી. સૌ કોઈ એની મશ્કરી કરે છે પરંતુ તે સક્રિય રહે છે અને તે શ્રીરામ પ્રભુના આશીર્વાદ મેળવે છે.

આપણે ઘણીવાર સમાચારમાં સફળ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ જોઈએ છીએ. એમનો એક જ મંત્ર હોય છે મહેનત... મહેનત.. મહેનત... અને એ માટે સક્રિય રહેવું પડે. સતત ઉદ્યમ કરવો એ દરેક પ્રાણી માત્રનો સ્વભાવ છે. કરોળિયાને જાળું બનાવવામાં કેટલીયે વાર નિષ્ફળતા મળે છે છતાંય સતત પ્રયત્ન કરીને તે આર્કિટેક્ટ કરતાં પણ સુંદર જાળું ગૂંથે છે. અરે! નાની કીડીબાઈ પણ કણ કણ એકઠું કરતી હોય છે. પંખીઓ એક-એક સળી એકઠી કરીને પોતાનો માળો બનાવે છે. એકમાત્ર માનવ જ સૌથી વધુ નિષ્ક્રિય રહે છે અને તૈયાર ભાણે જમણ કેમ થાય એ શોધતો રહે છે. એદીપણું એટલે કે નિષ્ક્રિયતા મનુષ્યનો મોટો દુર્ગુણ છે. સફળ બનવા માટે એનો ઈલાજ કરવો જ જોઈએ.

આપણે નિષ્ક્રિયતાનાં અંધકારને દૂર કરીશું તો જ સફળતાનાં સૂરજનો સોનેરી ઝળહળતો ઉજાસ માણી શકીશું. આપણે પ્રકૃતિ પાસેથી ઘણું બધું શીખવા જેવું છે. પ્રકૃતિ જો નિષ્ક્રિય થઈને પોતાની ગતિ અટકાવી દે તો? નદીઓ, ઝરણાંઓ વહેવાનું બંધ કરી દે તો? સૂરજ, ચંદ્ર, તારા પ્રકાશવાનું બંધ કરી દે તો? કલ્પના પણ ન થઈ શકે, બરોબર ને! પ્રકૃતિ નિરંતર ગતિશીલ રહે છે, તેથી જ ખુશનુમા છે, માણવા લાયક છે. અરે, બંધિયાર જળ પણ ગંધાઈ જાય છે તો મનુષ્યની શી વિસાત. નિષ્ક્રિયતાને, આળસને ખંખેરીને સતત સક્રિય રહેવું જોઈએ. જીવનમાં આગળ વધવા માટે વહેતાં રહો, ગતિશીલ રહો, સક્રિય રહો નહીં તો ક્યાંક હાંસિયામાં ધકેલાઈ જશો.

અંતમાં સ્વામી વિવેકાનંદના ગુરુમંત્રથી લોગ આઉટ કરીશું,
" ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો."

ડો. રેખા શાહ કચોરીયા

---

NOG SS NO: 40
વિષયઃ સફળતા- નિષ્ફળતા, સક્રિય- નિષ્ક્રિય
વિભાગઃ ગદ્ય (લેખ)
શીર્ષકઃ દુન્યવી માપદંડ અને આપણે.

સફળતા કે નિષ્ફળતા; એ તો દુન્યવી માપદંડ છે. આપણી જાતને આપણાથી વધુ કોણ ઓળખી શકે? હા! પણ જાતને પિછાણવાની કોશિષ જો ખરા દિલથી; નિષ્પક્ષતાથી કરીએ તો જ એ શક્ય બને. શાળા- કોલેજની પરીક્ષાઓ કે પછી જીવનમાં ડગલે ને પગલે થતી પરીક્ષાઓમાં આપણાં કર્મ પ્રત્યેની નિષ્ઠા અને સક્રિયતા વધુ મહત્વની છે. નિષ્ક્રિય રહેનારને તો હાર-જીતનો પ્રશ્ન જ ઉભો નથી થતો. અને તેથી જ તેમનું જીવન કૂવાનાં દેડકાં જેવું હોય છે. કર્તવ્ય પરાયણ થઇ હંમેશા સક્રિય રહીએ. ભલેને સફળતા હાંસલ ન થાય, પણ નિષ્ફળતા થકી જાતને વધુ ઉજાગર કરીએ. હતાશ ન થતાં નિષ્ફળતાને જ સફળતાની ચાવી બનાવીએ; પણ નાસીપાસ તો કદી ન થઈએ.

વૈશાલી મહેતા.

---

NOG SS No : 104
પ્રકાર : ગદ્ય
શીર્ષક :સફળતાની સાથે સાથે
શબ્દ સંખ્યા : ૩૩૯

કોઈ પણ કોમન ફ્રેન્ડના પ્રસંગમાં હું અને શૈલજા શર્વરીથી દૂર જ રહેતા.

હું શૈલજા અને શર્વરી , સ્કૂલથી સાથે જ હતાં. આજે ૩૫ વર્ષે પણ અમદાવાદમાં જ એટલે કોઈક પ્રસંગમાં ભેગા થઈ જ જઈએ.

મેં અને શૈલજાએ અમારા સપનાઓ માટે મહેનત કરીને આજે સમાજમાં સ્ટેટસ મેળવ્યું હતું.

હું શહેરની કેટલીયે એનજીઓની ચેર પર્સન, શાળા કોલેજની ટ્રસ્ટી, ફેશન આઇકોન હતી. શૈલજા એક સફળ બિઝનેસ વુમન. જ્યારે શર્વરી એ જ ટિપિકલ હાઉસ્વાઈફ. એ ટિપિકલ મિડલ ક્લાસ લાઈફ જીવતી હતી.

"આવી વેદીયણ અને દેશીને કોઈ ફાઈવ સ્ટાર હોટેલમાં પાર્ટીમાં પણ શા માટે અદિતિએ બોલાવી હશે ." હું મનોમન બબડી."

પાર્ટી લગભગ પુરી થવા આવી હતી. હું અને શૈલજા તો માત્ર હાજરી આપીને અને આદિતિને ૧૫મી મેરેજ એનિવર્સરીની શુભકામના આપીને નીકળી ગયાં.

એટલામાં તો હોટલના ગેટ પરથી સિક્યુરિટી વાળા સાથે રકઝક કરીને શિવમ એની દીકરી સાથે એકટીવા લઈને અમારી બાજુમાં ઉભેલી શર્વરી સાથે આવીને ઊભો રહ્યો. એક એકટીવા પર ત્રણ જણ કેવી રીતે આવે. સાવ સેન્સ વગરનો એનો પતિ.

"ચાલો જલ્દી જલ્દી માર્કેટ લઈ લો , હું ભીંડા લઈ લઉં. તમને બંનેને મૂકીને મને જમવાની ઈચ્છા જ ન થઈ, ઘરે જઈને જલ્દી જલ્દી શાક રોટલી બનાવી લઈએ. " શર્વરી બોલી.

"ના મમ્મી આજે આપણે બહાર પાંઉભાજી ખાઈશું " એની દીકરીએ જીદ કરી.

શર્વરીએ વહાલથી દીકરીને કિસ કરી લીધી. અને દીકરીને ખુશ કરવા ઝરમર વરસતા વરસાદમાં શર્વરી શિવમ સાથે એકટીવા પર નીકળી ગઈ.

શૈલજા , કેરિયરની પાછળ દોડવામાં તેં પરિવાર બનાવવામાં ધ્યાન ન આપ્યું, અને સમયસર માતૃત્વ પણ ન મેળવ્યું અને એક પૈસાવાળા ડિવોર્સીની પત્ની બનીને લગભગ કજોડું લગ્ન કર્યું છે.

જયારે મારા સફળ પતિ એમની મિટિંગ, ટ્રાવેલિંગમાં જ બિઝી રહે છે. અને હું મારી પાર્ટી અને પેજ થ્રિ ના ચક્કરમાં મારા દીકરા દીકરી સાથે છેલ્લે ક્યારે શાંતિથી બેઠી એ જ ભૂલી ગઈ છું.

કારમાં બેસી ને જતા મેં લારી પર વરસાદમાં બિન્દાસ ભીંજાઈને પણ હસતા હસતા ફાઈવ સ્ટાર હોટેલનું ફૂડ છોડીને પરિવાર સાથે પાઉભાજીની લિજ્જત માણતી શર્વરી ને જોઈ.

કોઈ દિવસ નહીં ને આજે મને એની ઈર્ષા થઈ. સફળ તો એ થયી હતી. હું અને શૈલજા તો સફળ થવાનો માત્ર દેખાડો કરતા હતા.

દિપાલી લીમકર " દીપ " અબુધાબી



બઈ શહેરના પરાંમાં આવેલી એક સમયની પ્રસિદ્ધ એવી શાળા નામે શેઠ દેવચંદ જેઠાલાલ હાઈસ્કૂલની હું ભૂતપૂર્વ વિદ્યાર્થીની.૨૦૧૯ પાંચમી સપ્ટેમ્બરે ઉજવાયેલા શિક્ષક દિને એક વિચાર બીજે જન્મ લીધો. તે દિવસે હૉલમાં માત્ર ને માત્ર મિત્રતા જ છવાયેલી હતી.દરેકના ચહેરાઓ ખીલેલાં હતાં,દરેક વિદ્યાર્થીની નજર કોઈને ને કોઈને શોધતી હતી.તે દિવસે હૉલમાં પથરાયેલી મિત્રતાને જોઈને મને વિચાર આવ્યો કે આ ક્ષણને હું બાંધી લઉં.કંઈક એવું કરું જેનાથી દરેક વિદ્યાર્થી ઈચ્છે ત્યારે શાળા જીવનકાળમાં પાછો જઈ શકે અને એ વીતેલી ક્ષણો વાગોળી શકે અને શાળા જીવનને પુર્નજીવીત કરવાના પ્રયાસ સ્વરૂપે શાળાનાં વિદ્યાર્થીઓ,શિક્ષકો, આચાર્યશ્રીઓના સંસ્મરણોનું એક પુસ્તક બનાવ્યું.નામે ×ચાલ.... ફરીથી વાગોળીએ મારાં શાળા સાથેનાં સંસ્મરણો.×

આ પુસ્તકનું વિમોચન ૨૩/૭/૨૦૨૧ ને શુક્રવારે ગુરૂપૂર્ણિમાના પાવન દિવસે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શાળાનાં ટ્રસ્ટી ગણની હાજરીમાં અમારાં સૌના લાડીલા આચાર્ય શ્રી ઠાકોરભાઈ દેસાઈ સરના વરદ્ હસ્તે થયું.

આરતી મરચંટ...મુંબઈ...કાંદિવલી... આપણા ગ્રુપ ના સન્માનીય.પૂર્વ સહ નિર્ણાયક આરતી મરચંટ.લિખિત પુસ્તક નું વિમોચન કરવામાં આવ્યુ .ગ્રુપ ના સૌ સભ્યો વતી આરતી મરચંટ ને ખૂબ ખુબ અભિનંદન.....

## મોડાસા : પરીક્ષા આપવા નીકળેલી વિદ્યાર્થીની ગુમ, ટાઉન પોલીસે ફરિયાદ માટે આનાકાનીનો આક્ષેપ




મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા શહેરની સહારા સોસાયટીમાં રહેતી લઘુમતી સમાજની વિદ્યાર્થીની ધો.૧૨ આર્ટસની રીપીટર તરીકેની પરીક્ષા આપવા ઘરે થી નીકળ્યા પછી ભેદી રીતે ગુમ થઇ જતા યુવતીના પરિવારજનોએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં વિદ્યાર્થીની ગુમ થવા અંગે ફરિયાદ નોંધાવવા જતા ધરમધક્કા ખવડાવી એક ચોકી થી બીજી ચોકી ધકેલતા હોવાનો આક્ષેપ કર્યો હતો ધો.૧૨ની વિદ્યાર્થીની ગુમ થતા AIMIM અને BTP ના અગ્રણીઓએ ટાઉન પોલીસને આવેદનપત્ર આપી ગુમ વિદ્યાર્થીનીને ઝડપથી શોધી આપવામાં આવેની માંગ કરી હતી વિદ્યાર્થીની ગુમ થઇ જતા વાલીઓ ચિંતીત બન્યા છ. મોડાસાના સહારા સોસાયટીમાં રહેતી અને ધો.૧૨ આર્ટસની રીપીટર તરીકે પરીક્ષા આપવા ઘરેથી નીકળેલી વિદ્યાર્થીની પરીક્ષાનો સમય પૂર્ણ થવા આવ્યો છતાં ઘરે ન પહોંચતા વિદ્યાર્થીનીના પરિવારજનો પરીક્ષા કેન્દ્ર પર દોડી ગયા હતા ત્યાં તપાસ કરતા વિદ્યાર્થીની પરીક્ષા જ આપવા આવી ન હોવાની જાણ થતા પરિવારજનોએ શોધખોળ હાથધરી હતી પરંતુ વિદ્યાર્થીનીનો કોઈ અત્તો-પત્તો ન લાગતા વિદ્યાર્થીની માતા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા જતા ફરિયાદ લેવાના બદલે કોલેજ પોલીસ ચોકી અને લિઓ પોલીસ ચોકી ધરમધક્કા ખવડાવતા વિદ્યાર્થીના પરિવારજનો અને લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો ગુમ વિદ્યાર્થીનીના પરિવારજનોની આપવીતી સાંભળી AIMIM અને BTP ના પદાધિકારીઓ ગુમ વિદ્યાર્થીનીને ઝડપથી શોધી કાઢવામાં આવેની માંગ સાથે ટાઉન પીઆઈ એન.જી.ગોહીલને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી. મોડાસા શહેરમાં ત્રણ દીવસ અગાઉ ધો.૧૨ ની રિપીટર તરીકે પરીક્ષા આપવા નીકળેલી વિદ્યાર્થીની રહસ્યમય રીતે ગુમ થઇ જતા શહેરમાં તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે તેમજ દિન દહાડે યુવતી ગુમ થવાની ઘટનાથી વિદ્યાર્થીઓ,વાલીઓ અને શહેરીજનોમાં ભયનો માહોલ પ્રવર્તી રહ્યો છે

## ૪૫૦થી વધુ સ્ટાફનર્સ-હેડનર્સને મળશે પ્રમોશન-ટ્રાન્સફરઃ ના.મુખ્યમંત્રી

ગાંધીનગર,તા.૨૯

કોરોના મહામારીમાં ફ્રન્ટલાઈન વોરિયર્સ તરીકે કામગીરી બજાવનાર રાજયની હોસ્પિટલોના તબીબી સ્ટાફ માટે મોટા સમાચાર સામે આવતા છે. નાયબ મુખ્યમંત્રી અને રાજયના આરોગ્ય મંત્રી નીતિન પટેલ દ્વારા નિર્ણય લઈને મોટા પાયે બઢતી એ બદલીઓ કરવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું છે કે ૩૬૬ જેટલી સ્ટાફ નર્સને હેડ નર્સ તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે તો સાથે સાથે ૧૦૭ હેડનર્સની બદલી કરવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે ૩૬૬ સ્ટાફનર્સ અને ૧૦૭ હેડનર્સ દ્વારા તેમના વતન નજીક પરિવારની પાસે બદલી અને બઢતી આપવા માંગ કરવામાં આવી હતી.

## 'દેવભૂમિ ઉત્તરાખંડના ઈસ્લામીકરણનું ષડ્યંત્ર આ વિષય પર 'ઑનલાઈન વિશેષ સંવાદ

# ઉત્તરાખંડમાંના હિંદુઓની ભૂમિ પર અતિક્રમણો,આ રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ જોખમી ઘંટાનાદ ! -ધારાશાસ્ત્રી ઉમેશ શર્મા,સર્વોચ્ચ ન્યાયાલય




ઉત્તરાખંડમાં હિંદુઓની ભૂમિ પર સુનિયોજિત રીતે અતિક્રમણો કરવામાં આવી રહ્યાં છે. મુસલમાનો દ્વારા અનેક ઠેકાણે હિંદુઓની અને સરકારી ભૂમિ ગેરકાયદેસર રીતે નિયંત્રણમાં લેવામાં આવી રહી છે. આવા પ્રસંગોમાં સમયસર જ પોલીસ-પ્રશાસન પાસે ફરિયાદ કરીને આને રોકી શકાશે. ઉત્તરાખંડમાંના હિંદુઓની ભૂમિ પર સુનિયોજિત અતિક્રમણો એટલે હિંદુઓ માટે જોખમનો ઘંટાનાદ છે. તેમજ ઉત્તરાખંડ રાજ?યની સીમા નેપાળ તેમજ ચીનને અડીને હોવાથી આ બાબત રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ પણ અતિશય જોખમી છે, એવું પ્રતિપાદન સર્વોચ્ચ ન્યાયાલયના ધારાશાસ્ત્રી ઉમેશ શર્માએ કર્યું. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત 'દેવભૂમિ ઉત્તરાખંડના ઈસ્લામીકરણનું ષડ્યંત્ર !' આ 'ઑનલાઈન' વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા. સદર કાર્યક્રમ સમિતિના સંકેતસ્થળ Hindujagruti.org, યુ-ટ્યૂબ અને ટ્વીટર પર ૫,૫૦૦ લોકોએ પ્રત્યક્ષ નિહાળ્યો.

આ સમયે 'વિશ્વ હિંદુ પરિષદ'ના ઉત્તરાખંડ રાજ્ય ઉપાધ્યક્ષ શ્રી. પ્રદીપ મિશ્રાએ કહ્યું કે, ઉત્તરાખંડમાં મુસલમાનોની જનસંખ્યા થોડા સમયગાળામાં જ ૪૦ ટકાથી વધી છે. હરિદ્વારમાં પાંચ કિલોમીટર ક્ષેત્રમાં મુસલમાનો નિવાસ કરી શકશે નહી, એવો શાસનાદેશ હોવા છતાં પણ તેનું પાલન કરવામાં આવતું નથી. દેવભૂમિ ઉત્તરાખંડનું ઈસ્લામીકરણ કરવાનું ષડ્યંત્ર રચવામાં આવી રહ્યું છે, તેને રોકવા માટે હિંદુ સમાજે મોખરે થવું પડશે. હિંદુ સમાજ સાથે જ સરકારે પણ તેમાં ધ્યાન આપવું જોઈએ. દેવભૂમિ ઉત્તરાખંડને કલંકિત થવાથી બચાવવી જોઈએ ! વિહિંપ, બજરંગ દળ, દુર્ગાવાહિની ઈ. ના પ્રતિનિધિઓ આ માટે પ્રયત્નરત છે. ભારતમાં 'મુસલમાનો માટે એક અને હિંદુઓ માટે જુદો કાયદો' આ બાબત હિંદુઓ માટે ઘણી બાધક પુરવાર થઈ રહી છે. બધા માટે સમાન કાયદો હોવો જોઈએ.હિંદુ જનજાગૃતિ સમિતિના શ્રી. નરેંદ્ર સુર્વેએ કહ્યું કે, ઉત્તરાખંડમાં કેવળ હિંદુઓનાં મંદિરો, ભૂમિ જ નહીં, જ્યારે સરકારી અને રેલ્વેની ભૂમિ પણ મુસલમાનોએ ગેરકાયદેસર રીતે નિયંત્રણમાં લીધી છે. ઉત્તર પ્રદેશમાં એક હજાર હિંદુઓનું ધર્માંતર કરતી વેળાએ ધરપકડ થયેલો 'ઉમર ગૌતમ' એ મૂળમાં ઉત્તરાખંડમાંનો 'શ્યામ ગૌતમ' હતો. જેહાદીઓએ કરેલા ધર્માંતરને કારણે તે કટ્ટર ધર્માંધ બન?યો. આવા તો ઘણાય હિંદુઓ મુસલમાન બન્યા હશે. તેથી દેવભૂમિ ઉત્તરાખંડનું રક્ષણ કરવું, આ સમગ્ર ભારતમાંના હિંદુઓનું કર્તવ્ય છે. આને જો રોકવામાં આવશે નહીં, તો ઉત્તરાખંડમાં કાશ્મીર જેવી સ્થિતિ થતાં વાર લાગશે નહીં. આજે દેશનું ઈસ્લામીકરણ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે, આના વિરોધમાં હિંદુઓએ જાગૃત થવું આવશ?યક છે. આપણા દેશમાંની 'સેક્યુલર' વ્યવસાને કારણે આજે અનેક સમસ?યાઓ નિર્માણ થઈ છે. ભારતને જો ઈસ્લામી રાષ્ટ્ર થવાથી બચાવવું હોય, તો ભારતને 'હિંદુ રાષ્ટ્ર' કરવાની માગણી કરવી જોઈએ.

શ્રી રમેશ શિંદે,
રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલીસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ વર્ષની વોરંટી સાથે,
અનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
બી.એમ ઇટાલિયન મારબલ પેસ્ટ ઉધઈ થી છુટકારો
(આપના ઘર-ઓફિસમાં કલર કરવા ઈચ્છો છો
. વિઝીટ નો કોઈ ચાર્જ નથી.)
• માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે • દિવાલ અને • સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે • માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી • દર વર્ષે કરાવવું પડતું નથી • ૫ વર્ષની વોરંટી આપીએ છીએ
• માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમજ દુકાનમાં લગાડી આપવામાં આવશે.
• વરદારના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રીપૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ ખાત્રીપૂર્વક કરી આપીએ છીએ
ઓછામાં ઓછું ૫૦૦ સ્કે.ફીટ નું કામ કરવામાં આવશે
તેનાથી ઓછું કામ હશે તો ઉચક પૈસા લેવામાં આવશે.
ધાબા વોટર પ્રૂફિંગ સ્પેશીયાલિસ્ટ
9624163945 contact
8690089211 WhatsApp
મહેસાણા નાગલપુર પાટિયા
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડીઝાઈનમાં બનાવી આપીએ છીએ.
વોટર પુફીંગ કલર, ચુનાથી છૂટકારો
▪ શું તમરા ઘરમાં દિવાલો ઉપર ભેજ આવે છે ?
▪ કલરની પોપડી ઉખડી જાય છે ?
▪ વારંવાર કલર કરાવવો પડે છે ? તો આવો...
વોટરપુફીંગ કરાવો અને વારંવાર થતા ભેજ અને કલર નીકળી જવાના ત્રાસથી મુકિત પામો...
:: વધુ જાણકારી માટે સંપર્ક કરો ::

